આંકોલ માતની જે હજો.

જય મુગલાંની પંચરંગ

રચનાર

તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

ગોર છગનલાલ ઇશ્વર

નવાં રસીક ગાયનો તથા ભજન તથા

બોધમાળા વિગેરેના કર્તા.

મુ. ભાટપુર

તા. સંખેડા બાહાદરપુર

આવૃતી ૧ લી પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૪

કીંમત બે આના.

દોહરો

ફુલાં પુષ્પ પરાગનાં,
આપે દશ દિશ વાસ
એમ પરભા પચરંગનો
ઘણો કરે પ્રકાશ.

અર્પણ પત્રિકા.

રા. રા. પોરોત તાપીશંકર ગણુપતરામ
ત્રિપાઠી-મુ. નંદેર્શીયા.

તથા

પરમસ્નેહી પટેલ વરધભાઇ ભેઃકભ
મુ. ભાટપુર.

આપ મીત્રો હોઇ મારા પ્રતી સદા પ્રેમ દ્રષ્ટિથી જોતા આવ્યા છો ને મારા તરફ યોગ્ય રીતે પ્રશંસા કરી મારા ઉત્સાહમાં નિત્ય વધારો કરતા રહ્યા છો તો આપને જયમુગલાંની પંચરંગ નામનો આ ગ્રંથ પ્રેમપુર્વક સમર્પું છું તે આપ સ્વીકારશો અને આ ગ્રથને ઉતેજન આપશો.

લી. તમારો સેવક
ગોર છગનલાલ ઇશ્વર
મુ. ભાટપુર.

શ્રી

મુગલાંની પંચરંગ

પ્રકરણ ૧ લું

શંકરની પ્રાર્થના.

असितगिरि समंस्यात
कज्जलं सिंधुपात्रे
सुरतवर शाखा
लेखिनी पत्र मुर्वी
लिखति यादिगृहित्वा
शारदा सर्वकाल
मतदपितवगुणाना
मशिपारं न यातिं ॥ १ ॥

અર્થ—હે શંકર નીલગીરી પર્વત જેટલા

જળની સમુદ્ર જેવડા પાત્રમાં સમાઈ રહે એટલી રૂશનાઇ કરી આ જગત પરનાં જેટલાં દેવતાઈ ઝાડ છે તેમની શાખાઓની લેખણો કરી પૃથ્વીના પૃષ્ટ જેવડા કાગલમાં સર્વના કરતાં ચપળ લખનાર સરસ્વતિ સદાકાળ લખ્યાં કરે તો પણ આપના ગુણનો પાર આવે નહી.

ગાયન ૧.

સરસ્વતિની પ્રાર્થના.

સરસ્વતિ નમિએ સુખદા (૨)

રક્ષણ કરતાં સર્વ સૃષ્ટિમાં મનમાં દેઇ મુદા.
કરો કૃિપા એવી કીજે કષ્ટ નડે ન કદા–સરસ્વ.

આપો અખંડાનંદ કાપી ભવ ભય ફંદ
કાજ કરો સુખકંદ,
ગનનન ગનનન ઘુઘર વાગે,
મળી સર્વ આનંદે,
દયાધારી, સુખકારી ઝટ હરો વિપદા–સરસ્વ.

આરંભેલાં કામ—કરો સફલ તમામ,
નથુરામને દઇ હામ,
તનનન તનનન તાલ વાગે,
તજો સર્વનાં દુ:ખો,
પ્રિતરીતે,ધરી ચીતે રહું તુજને સદા—સરસ્વ.

ગાયન ૨.

સરસ્વતિની પ્રાર્થના.

જય, જય, જય, જય, જય, માત—રાગ.
તમે કરો અજ્ઞાનનો નાશ,
જીહ્વાયે વસજો માત—જય.

આપ કરો બુદ્ધિનો પ્રકાશ,
નીત દીન કરૂં સેવાય—જય.

જેને આપે કરી છે સા'ય,
રંક થઇ ગયા તે રાય—જય.

વિમલ વાણી કરો તમે માત,
જેથી સઉ તે સુખી થાય—જય.

ગાયન ૩.

માતાજીની પ્રાર્થના.

શ્રીમાતેશ્વરી વંદુ છું અતિ,
આપને અરજ કરૂં છું આપો શુદ્ધ મતિ.
મુખ્ય વાવમાં ગોખ તમારો,
તેમાં બેઠાં માય બાધા બુધ્ધિ દીવો દેવી,
સારા વારે થાય—માતુ.

બાધા રાખે કામ કરો છો,
દર્શનથી દુખ કાપો, એક ચિતે રટે તેને તો,
પુત્ર પુત્રી આપો—માતુ.
આ અવની પર સકલ દેશમાં,
ચાલે તમારૂં નામ,
જ્યાં જોયે ત્યાં શુભ મનોહર,
માજી તમારૂં કામ—માતુ.
હું બાળક છું તમારો,
ચીતમાં ધરજો માત:
હે દેવી તું વિધાત્રીને,

બહુ લોક પ્રખ્યાત—માતુ.
બેઉ કર જોડી નમું છું તુજને,
કરૂં વિનતિ આજ;
આશા મારી પુરણ કરજો,
રાખો મારી લાજ—માતુ.
સેવક તમારો કરે વિનંતી,
પુરણ કરજો આશ;
કર જોડીને કરે વિનંતી,
છગન તમારો દાસ—માતુ.

ગાયન ૪.

રાગ—નીબંજા શત્રુ.

બાવમાં બેઠા મુગલાંની મૈયા,
દુવાર તમારે આવીને;
માગું માફ માયારી મૈયા,
ચરણે શીશ નમાવીને.
વિધી વિષ્ણુ ને માહેશ્વર,
ધ્યાન ધરે છે સુરેશ;

ગુણ ગાય છે ગણેશ,
જપે મુખે રે સુરેશ.
વિધી કર કરૂણા કલ્યાણીકારી.
દયા દીલ પર લાવીને—માગું૦
ચંડ મુડ મારી માજી,
કરો અસુરોનો નાશ.
ઘણા ઘણા ભકતોનાં,
આપે કરીયાં કાજ;
ક્રોધ કોઈ દીવસ સારા વારમાં
દર્શન આપો આપોઆપ.
બાટપુર ગામની નર ને નારી,
આવે દર્શન કરવા કાજ—વાવમાં.

ગાયન ૫.

રાગ—ગીરધારીનો.

ધન ધન રે જય અંબે માય,
તમે ભકતોની કરો સહાય;
સૌ મલીનેરે દર્શન કરવા આવે,

આપ દર્શનથી દુખ જાયે.

ઝુલ.

આપે કરી છે વાઘની સ્વારી રે,
આપનો પડછો છે મા ભારી રે;
આપે પહેરી કસુંબી સાડીરે,
આપ એવાં બીરાજો છો માય
આપ કાને રે શોભીતાં કુંડલ લળકે,
માથે શોભીતો મુગટ ચળકે;
આપ દેરે રે ધોળી ધજાઓ ફરકે,
પગે રૂડાં નેપુર ઝળકે.

ઝુલ,

માની કેડે રૂપાનો કંદોરો રે,
સારો શોભે છે માથે અંબોડો રે;
પગે શોભે છે સોનાનો તોડો રે,
આપે કંઠે રે શોભે એકાવ હાર–આપે
આપ હાથે પહેર્યાં રે કંકણ્ શોભા સારી
નાકે ઘાલી છે સુંદર વાળી;

કપાળેરે ટીલડી શોભે સારી
હાથે ખડક લીધું છે ઝાલી.

ઝુલણ

માની ચોળીની શોભા સારી રે
હાથે કડું છે મહા ભારી રે;
મંડપની શોભા છે સારી રે,
આપ દર્શનથી રે ભક્તો રાજી થાયે—આપે
દશે આંગળીએ વેઢ શોભે છે સારા.
ભક્ત ગુણ ગાય તમારા;
ઘણા અસુરો રે આપે હાથે માર્યા,
ઘણા ભક્તોને દુખથી તાર્યા.

ઝુલણ.

સેવક આવે છે નીત્ય દાડી રે,
કરે ત્રીશુલ લીધું છે ઝાલી રે;
નવરાત્રીમાં શોભા સારી રે,
નાગરનીરે દેશમાં ભવાઇ થાય—આપે.
વારે ચડીને રે ભક્તને કરજો સ્હાય;

જેથી સર્વે તે સુખી થાયે,
ગુણ ગાયે રે છગનદાસ તમારો.
માજી સંકટમાંથી ઉગારો,

ઝુલ.

સંવત ઓગણી ચોસઠની સાલેરે,
માસ કારતીક આ ચાલે રે;
સુદી પાંચમ ને રવીવારે,
તમે કરજો રે આવી સેવકની રહાય–આપે
ભવ દરીયેરે પડ્યો છે દાસ તમારો,
આવી સેવકની બાંય ઝાલો;
કરજોડી રે દાસ છગન કહે છે.
નીજ ભાટપુર ગામમાં રહે છે.

ગાયન ૬.

રાગ–કાલીંગાના ગરબાનો.

નમું હું વેરઇ માત બેઉ કરજોડી, રે,
મારી વીનંતી સાંભળજો માત કહુછું થોડી
જગતમાં જશ આપનો મારી માજીરે,

હું વિનતી કરૂં છું દાસ સુણો વિધાત્રીરે.
નવરાત્રીમાં સુખી દુખી સૌ આવે,
લોકો ગરબા ઘેરેઘેર સર્વે કોરાવેરે;
નવરાત્રીમાં સહુ મલી ગરબા ગાવેરે,
આઠમે ઉજાણી હવન મા કેરા થાયે?
આઠમે શોભા ઘણી છે ભારીરે,
નવખંડમાં આપણું નામ શોભા સારીરે,
દેશ દેસથી લોક આવે બાધા કાજેરે.
માજી ચીતમાં લાવી કાજ તેનું સારજેરે.
બેઉ કર જોડી નમાવું શીષ સુણે માજીમારીરે
આ માગું તમારી સ્હાય ચીતમાં ધારીરે,
કહે છે છગનલાલ બેઉ કર જોડીરે.
કહું છું વારંવાર વીનતી થોડીરે.

ગાયન ૮.

રાગ પુનમ ચાંદનીનો.

ચાલો દર્શન કરવા આંકોલ માતનાંરે,
હરખે નિરખવાને સારૂ આંકોલ માત;

આંકોલ માતરે બીરાજે લિલા લ્હેરમાંરે.

સાખી.

નવરાત્રીના નવ દાહડા,
ગરબે રમતાં માત,
ચોસઠ જોગણી ટોળે મળી;
રમતાં સર્વે સાથ,
પહેલાં દર્શન મંગલાનાં નીરખીયારે,
માજી આપના દર્શનથી દુખ જાય—ચાલો.

સાખી.

લીલા નૌતમ શ્રી માતની,
કહેતાં ન આવે પાર;
શ્યામ છબી જોઇને,
થાએ સુખ અપાર
બીજાં દર્શને શણગાર માજી બહુ ધર્યારે,
જોઇ ભક્તને તો ઘણો,આનંદ થાય—ચાલો

સાખો

શણગાર સુંદર શું વર્ણવું,

હીરા રત્ન જડાવ;
છબી નિત્ય નીરખતાં,
ભકતોને ઉપજે ભાવ;
ત્રીજા દર્શને ભોગ સંજોગનારે,
મેવા ધર્યા છે વિધવિધ ભાત–ચાલો.

સાખી.

વૈષ્ણવ થયા ઉતાવળા,
આવી મળ્યા ત્યાય,
આપનાં દર્શન સઉ કરી,
હરખે હૈડામાંય,
ચોથાં દર્શન આરતીનાં થયાંરે.
મન ઠરીને સંતોષ થાય–ચાલો.

સાખી.

સુંદર શોભા રૂડી બની,
કહેતાં ન આવે પાર;
એક ચીતે નીરખતાં,
દુખ સહુ દુરજ થાય,

વહુજી, ભાભીજી, બેટીજી, માતાજીનેરે,
એમને ઉત્તમ દર્શનનો ઘણો ભાવ—ચાલો

સાખી.

અહર્નીશ ચરણું સેવતાં,
પાપી પાવન થાય;
દુઃખ ટળે જન્મ મરણનાં,
સુખ ભવોભવ થાય,
જે કોઇ ગાય શીખે નીત્ય સાંભળેરે,
તેનો માજીના ચરણમાં વાસ—ચાલો.

સાખી.

માજીનાં દર્શન થકી,
સુખ પરીપુરણ થાય;
હરીદાસ છગન મા,
ગુણ તમારા ગાય;
દાસ છગનો મા ઘડી ઘડી આ વિનવેરે,
માજી વસજો આરી રૂદીયા માંય—ચાલો.

ગાયન ૮.

રાગ-ડરમાં તું દીલ...

તમે કરો સેવકની સ્હાય,
ત્રીકમજી કરો સેવકની સ્હાય;
તમે આપે દીન દયાળ—ત્રીકમજી.
મંજારી બચ્ચાં બળતાં ઉગારી,
પ્રલાદને આપે લીધો છે તારી,
આપે થંભ તુર્ત ટાઢો પાડી,
કીડીયોની હાર તુન્ત ભાળી,
પ્રલ્હાદે બાથ લીધી છે ભાડાવી,
નરસીંહરૂપે માર્યો હિરણ્યાક્ષ —ત્રીકમજી.
નરસીંહ મહેતાની હુંડી સ્વીકારી,
સાતસેં એક લીધા છે આલી,
આવીને શ્રાદ્ધ લીધું છે સારી,
પેઢી ઇકોતર મેતાની તારી,
કીધું કુંવરનું મામેરૂં ભારી,
માંડલીકને હાર આપો હાથોહાથ-ત્રીકમજી.

અજામેળ સરખો મહા પાપી,
પુત્ર નામે તેને પદવી આપી,
સુદામાનાં સંકટ નાંખ્યાં કાપી,
બીજી તારી છે ગુણકા પાપી,
તેને પણ આપે પદવી આપી,
ધ્રુવને આપ્યું અવીચળ રાજ—ત્રીકમજી.
ધના ભકતની ખેતી કીધી,
સુધન્વાની સંભાળજ લીધી,
તેલની કઢા શીતળ કીધી,
કીડીયોની હાર ચાલતી દીઠી,
સુધન્વા ત્યારે નાવાને બેઠા,
લોક સૌ ચીન્તામાં પેઠા,
ત્યાં વીસ્મય પામ્યા છે સૌ રાય—ત્રીકમજી.
મીરાંબાઈનું ઝેરજ પીધું,
પાંડવોનું કારજ કીધું,
બીભીક્ષણને આપે રાજ દીધું
વીદુરની ભાજી આરોગી લીધી
સ્વરી બાઇનાં ખાધાં છે બોર,

આપે ઘણાં ભકતોનાં કરીયાં કાજ—ત્રીકમજી
દાસ છગન કહે છે તમારો,
પ્રભુ સંકટમાંથી ઉગારો,
આવીને આપ મુનીને તારો,
જેથી આ સૌ તે સુખી થાય—ત્રીકમજી

ગાયન ૯

રાગ—મન માયાના કરનારારે.

જીવ માયાના ફંદમાં ફસાણોરે,
માથે બાંધે છે પાપનો પાણો
સંસાર સર્વે જૂઠો સમજવો,
મીથ્યા તે મોજ આ માનો,
માતા ને પીતા કુટુંબ કબીલો,
લક્ષ્મી ને પુત્ર છે કેનોરે—માથે.
સંસાર સમુદ્રમાં તરવાનું છે,
નૌકા શ્રી હરીને નામે,
માટે જીવ તું જુઠું બોલીને;
તરવાનો છે શાનેરે—માથે.

કાયા કાચો કુંભ સમજવો,
જીવ મુસાફર પાસે,
તારૂં તું ત્યાં લગી જાણજે,
મળી શ્વાસોશ્વાસનેરે—માથે.

ગાયન ૧૦

રાગ-માઢ.

વિદ્યા ભણવા વિશે

ઓ સજન શાણા, મોટા નાના કરો વિદ્યાભ્યાસ

સાખી.

વિદ્યાથી વૈભવ વધે,
ચોરે નહિ કોઇ ચોર;
વિદ્યા અખુટ ધન જાણજો,
વિદ્યા વિના ઢોર--ઓ સજન.

સાખી.

કામ કરોડો મુકીને,
જાવું નિશાળે રોજ;
ઘટમાં ગણવાની કાળજી રાખો,

મનમાં કરશો મોજ—એ સજન.

સાખી.

વિદ્યા ભણુવાથી જ્ઞાન મળે છે.
ચતુર થાય છે શખ્સ;
માન પામે છે લોકને વિષે,
લાભ થાય છે લક્ષ—એ સજન

સાખી.

ભણુતરથી વૈદ દીપે છે,
નહિતો ખોટું નામ,
લોક સઉ નિંદા કરે છે,
ફેરવે કોથળી હજામ—એ સજન.

સાખી.

સારી સોબત શોધજો,
ભુંડાથી રહેજો દુર,
કાગળ કાજળથી શ્યામ બને છે,
કાળો થાય જરૂર—એ સજન.

સાખી.

શીખ સુણી સુધરજોરે,

કહે છે છગનલાલ,
પ્યાર પ્રભુનો મેલવીને,
ઉતારો ભવ પાર—ઓ સજન.

ગાયન ૧૧.

રાગ—ધીક લુચા મુકી આમ.

વાત કરૂં છું વિચારી,
વાત બની છે અનાડી;
ઢોરાં દીસે દુખીઆરી,
હાય જુલમ જુલમ,
એક ભેંસ તાણી જાય,
બીજો બળદ તૈયાર થાય,
ત્રીજું પાડું તો જલાય,—હાય જુલમ.
ઝટ ગળેથી તો ઝાલે,
ચટ ફાંસેથી તો પાડે,
પડતાં જીવ જમદ્વારે—હાય જુલમ.
શ્વાસ ગળામાં ઘુંટાય,
ઘાસ પાણી ના ખાય.

એવી રીશે છે દવાય—હાય જુલમ.
ખેંચી થાકયાં છે ઢેડાં,
જેમ જેમ રાજાનાં તેડાં,
ઢોર ઘણાં તો ઢંઢેરો,—હાય જુલમ.
ઢોર મુવાં છે ઝાઝાં,
ટોળાં ગીધાંનાં બાઝયાં,
કાળજાં લોકોનાં દાઝયાં—હાય જુલમ
ઢોર મુવાનો બહુ ત્રાસ,
લોક ઘણા છે ઉદાસ,
આશરે મુવાં છે પચાસ,—હાય જુલમ
ગરીબ ઘી વિના તો થયા,
ઘણાએક બળદીઆ રહ્યા,
દુખ સમજી મનમાંય—હાય જુલમ.
ગયા માતાજી દરબાર,
કંઈ કોપ્યા છે કીરતાર,
માજી દયા દીલ ધાર,—હાય જુલમ.
ખેંચી ઢેડાં થયાં દુખી,
મહેર માતાજીએ મુકી,

ત્યારે લોક થયા સુખી,—હાય જુલમ
જોઇ બનાવનાર હેવાલ,
જોશી છગનલાલ
જાંબુ બ્રાહ્મણનો બાળ,—હાય જુલમ
સંવત ઓગણી બાસઠની સાલે,
માસ અષાડ તો ચાલે,
રચ્યો હેવાલ છગનલાલે—હાય જુલમ
વરધભાઇ લાગે છે પાય,
માજી તમે કરજો સહાય,
જેથી સહુ સુખી થાય,—હાય જુલમ

મુગલાંની માતાનો ગરબો.

કારતક માસે અબળા કહે છે કંથને.

ગરબો.

ધન ધન ભાટપુર ગામને ગાંદરે,
શોભે રૂડી એક વાવ જો. ૧
તેમાં વાસો છે દેવી તણો,
રૂડું નામ મુગલાંની માત જો, ૨

માજીના જસ કહું છું તમને,
એમના ગુણ તણો નહિ પાર જો. ૩
બેઠાં મન ધારી રૂડા ગોખલે,
શોભે ઉગમણે દરબારજો. ૪
પડછો માજીનો કહું તે સાંભળો,
જેમના દર્શનથી દુખ જાયજો, ૫
બાધા રાખે કામ કરે સદા,
કેમ જશ જાણીને લાગે પાયજો ૬
ઉલટ લાવીનેરે ગામે ગામનાં,
આવે લોક કરી બહુ હેતજો. ૭
કામ કરે બહુ તેનું પ્રેમથી,
કામ થયાથી જાયે સરવે ઘેરજો. ૮
આવે સઉ દુખી માજી પુછતું,
તેના ઉપર આપ કરોછો મ્હેરજો. ૯
ડાકેણુ ભુત ને પ્રેત આવે ધુણતું,
તેને કરો મા ઘડીમાં વિદાયજો. ૧૦
વાંઝીયાં આવે છે આપણે ચરણે

આપો પુત્ર કરી જોડજો. ૧૧
પારણુ ઘોડીયું ચડાવે છે મસફમાં,
ક્ષમ તે ભોજન રૂડી રીતે થાયજો. ૧૨
હરખે દર્શન કરે મા પ્રિતથી
પછી તે પોતે આનંદથી ઘેર જાયજો. ૧૩
નવરાત્રીના દિવસ ઘણા સોહામણા,
લોક કોરાવે ગરબા ઘેરાઘેરજો. ૧૪
આઠમે મંડાય રૂડાં મા માંડલાં,
આવે દર્શન કરવા નર ને નારજો. ૧૫
દર્શનથી આનંદ પામે અતિ ઘણું,
દર્શન કરી સૌ જાયે પોતે ઘેરજો. ૧૬
નીર્મળ જળ છે મા રૂડી વાવનું,
પીએ પશુ પક્ષી નર મા નારજો. ૧૭
પાણી પીવાથી ઘણી મા અમી વલે,
ઘણાં જીવને તે આનંદ થાયજો. ૧૮
જલમાં મા અચરત જેવું કામ છે,
તે તો સર્વે મા નજરે જોયુજો ૧૯.
કોઇ કોઇ દિવસ સારા વારમાં,

દીસે છે કળશ એક બે ચારજો; ૨૦
શોભે છે મા જુદા જુદા રૂપમાં,
બીજું કહું કથીને મા આપજો. ૨૧
દીસે મળપ અતી સોહામણા,
તેમાં આપે બેઠાં છે માતજો. ૨૨
ચાંદીના તાત ઘણા સોહામણા,
તેમાં સર્વે આપે મા શણગારજો. ૨૩
માતાજી વ્હેમીના વ્હેમ મટાડતાં,
પોતે મા રહેવા દો નહિ લગારજો. ૨૪
આપે આપતાં મા પોતે પારખું,
તેથી મનનો સર્વે સંદેહ જાયજો. ૨૫
ધનધન રૂડી મા તારી બેનડી,
રૂડું નામ તે આંકોલ માતજો. ૨૬
માજીનો હોમ હવન ઉજાણીગો.
તે તો સર્વ વેરઇ માતે થાયજો. ૨૭
રક્ષા કરતાં ભાટપુર ગામની,
આપે પોતે ઘણો કરી ઉપકારજો. ૨૮
સર્વે દેવીના રે મા આધારથી,

રૂડો ગરબો તે માજી ગવાયજો. ૨૯
નરનારી પ્રીતેથી તે મા સાંભળે,
તેનો આપ ચરણુમાં વાસજો ૩૦
દાસ છગન કરગરીને મા કહે,
માજી આપે કરો બુદ્ધીનો પ્રકાશજો ૩૧
વીનંતી કરીને મા વરઘો કહે.
માજી પુરજો સર્વેની મા આશજો ૩૨
સંવત ઓગણીશ ચોસઠની મા સાલજો
મહાસુદી અગ્યાર ને બુધવારજો. ૩૩
તે દીને કહ્યુંછું મા આપણે.

પ્રકરણ ૨.

ભજન સંગ્રહ.

ભજન ૧.

રાગ ધોળ.

આ શી અળાઈ રે તારી.

ભજન વેળાએ પ્રાણી ભ્રમણામાં પેઠા.

આતમજ્ઞાન લોને શોધીરે—પ્રાણી,
અજ્ઞાન છોડી તમે જ્ઞાન સંઘરશો,
ત્યારે તમને તો લાગે સંસાર ખારો—પ્રાણી.
માત પીતા ને પુત્ર કોણ છે તારાં,
તેનું તે જ્ઞાન લોને શોધીરે—પ્રા.
સત્ય યથાર્થ આપણુ આપણી માતા,
જ્ઞાન પરમાર્થ એ છે પીતા—પ્રા.
સત્ય યથાર્થ માની સેવારે કરજો,
એનાથી મોક્ષપદ પામોરે—પ્રા.
જ્ઞાન પરમાર્થ પીતા તુલ્યરે માનો,
એ માત પીતાની સેવા કરોરે—પ્રા.
ધર્મ એજરે જાણો આપનો ભાઇ,
દયા થાયરે આપણી બહેનરે—પ્રા.
ધર્મ ભાઇથી આપણુ અલગું ના રહેવું.
તે આપણા મોટા ભાઇરે—પ્રા.
દયા એ તો આપણુ સગીરે બેન,
એમની ઉપર નિર્દયા ના કરવી—પ્રા.
શાંતી એજરે આપણુ સ્ત્રીરે થાયે.

ક્ષમા નામરે પુત્ર જાણોરે—પ્રા.
શાંતી સ્ત્રીની સાથે વર્તો ધર્મ,
એમની સાથે ભજન કરોરે—પ્રા.
ક્ષમા નામરે પુત્ર સાચુંરે જાણો,
એજ પુત્રરે કરે આપણી સેવારે—પ્રા.
આ સગપણ સર્વે સાચુંરે માનો,
સંસારી સગપણ સર્વે ખોટું જાણોરે—પ્રા.
સંસારી સઉ કોઇ સાથે ના આવે,
સાથે આવશે પુન્ય પાપરે—પ્રા.
માટે રે પ્રાણી તમે ભજન કરોને,
ધન મેળવવા જેવી ચીંતા કરોછો,
તેવી ચીંતાથી હરીરસ ચાખોરે—પ્રા.
પરસ્ત્રીની સાથે મોહ પામોછો,
એવા મોહથી હરીભજન કરોરે—પ્રા.
ઝગન કહેરે પ્રાણી સર્વે છે કાચું,
હરી નામ માનો સાચુંરે—પ્રા.
જય જય રે સ્વામી સાંય કરોને,
જેથી ઉતરૂં હું તો ભાવપારરે—પ્રા.

છગનલાલનું માજી કારજ કીધું,
મુગલાંની માથે દર્શન દીધું રે—પ્રા.
સઉ સંતોને કર જોડીને કહું છું,
શંકરનો ઉપદેશી હું ભાટપુરમાં રહું છું—પ્રા:

ભજન ૨.

રાગ કાફી.

ઇશ્વર જ્યારે ઓળખાશેરે,
આવરણ તેનું દુર થશે;
અજ્ઞાન અંધારૂરે,
સર્વે તેનું ટળી જશે—ઇશ્વર.

સાખી.

શીવ જીવને એકજ માનો,
સર્વે હરીના ઘાટ;
કર્તાની ગતિ ન્યારી,
સંસાર માયાનો ઠાઠ;
હુંને મારૂં મટશેરે,
ત્યારે બ્રહ્મરૂપ થશે—ઇશ્વર

સાખી.

વીશે વિકાર ને વાસના, રહેશે નહિ લગાર,
પ્રપંચ પાખંડને પુંજીયું, રાખે નહિ તલભાર;
અંધારે અથડાવું રે,
ત્યારે તેનું મટા જશે—ઇશ્વર.

સાખી.

અધર્મથી અળગો રે'શે, દોષથી રહેશે દુર;
સંત સમાગમમાં શુરો, રહેશે ભજનમાં ભરપુર
મર્યાદા મુકી ફરશેરે,
જ્ઞાન દીવો તેને થશે—ઇશ્વર.

સાખી.

ધંધામાં ધન ખોયું,
ના થઇ આત્માની ઓળખાણ;
જેવાં છોકરાંની વાળી વધારી,
તેમાં થઇ તારી ખેંચાતાણ,
દુઃખમાં ઘેરાયોરે,
દેવામાં ડુબી ગયો—ઇશ્વર.

સાખી.

ખેપ કરીને ખોરતાંરે દીઠો, ખુમાનનો દેસ,
મુક્ષ વસ્તુ મને ત્યાંથી મળી ઇશ્વરનો ઉપદેશ;
    નિરાંત નામ સાચું રે,
    કાળીદાસનું કામ થશે—ઇશ્વર.

ભજન ૩.

રાગ—ગરબી.

સખી સોમે તે કીધી સાન સમજી લીધીરે,
માંહી તત્વ વસ્તુ એક ઓળખી લીધીરે.
ગુરૂ પધાર્યા મારે ઘેર આસન આપ્યુંરે,
આપી જડિબુટી એક સંકટ કાપ્યુંરે.
મંગળે કરી બહુ મ્હેર કાનજ ફુંકયોરે,
માંહી અમર મંત્રનો એક અક્ષર મુકયોરે;
સખી પ્યાલો તે આરંપાર રૂવે રૂવે વ્યાપ્યોરે,
કંઇ ગુરૂ મંત્રનો જોર કાળજે કાપ્યોરે.
સખી બુધે થઇ શુદ્ધ સર્વે જોયુંરે,
એક પલકની માંય પાપજ ખોયુંરે;

થયો નિર્વિકારી દેહ સર્વની સાથે રે
લાગ્યો સતગુરૂનો રંગ પડી ગઈ ભાવરે;
બ્રહસ્પતવારે ભુલ સરવે કાઢીરે
નહિ કરવું બીજું કામ ચોરી ચાડીરે;
પરનીંદાનો દોષ ઇશ્વર દેછે રે;
થાય શરીર ધોળું સપેત કાગજ કહેછેરે.
શુકરવારે સર્વે આતમ સરખોરે.
જોઇ મન વિચારી આપ નયણે નરખો રે,
સઘી પશુ પક્ષીને જડ ચેતન કહેછે રે:
જેવાં માને પોતાને મન તેવાં રહેછે રે,
શનીએ ગઈ સુરતા ગુરૂમાં બેઠીરે.
મોહી અનંગળ મુરતી એક નજરે દીઠીરે,
જોઇ ઠર્યું મારૂ મન આનંદ વાધ્યા રે:
માંહી પારસ મણી એક હીરલો લાધ્યારે
રવિયે રજની ગઈ સુરજ પ્રકાશેરે,
મટી ગયો મનનો મેલ તત્વ તપાસેરે.

ભજન ૪.

રાગ–ગરબી.

શાને અભીમાન આવડોરે,
નથી હરીગુણ ગાતો,
ધન જોબનના જોરથી રે,
શું ફરે મદમાતો.
વીશ વિકારની વાસનારે,
તને લાગે છે સારી;
કોણ ગતી થાશે તારીરે,
જોને મન વિચારી,
હું ને મ્હારૂ અહંકારરે મનથીરે મેલો,
સુખમાંથી દુખ આવશેરે,
આનંદમાં ઠેલો.
સંસારનું સુખ મેલીરે,
તું તો હરીગુણ ગાને;
કોઇ મ્હાત્મા સંતને ખોળીરે,
તેને ચરણે જાને.

જોતાં જોબન જાતું રહેશેરે,
પાછલથી પસ્તાશો.
મનુષ્ય જનમ તુને આલીગેોરે,
આવ્યો છે ખાસો.
પ્રવૃતિને મેલીરે, નિવૃત્તિને વરને;
સંત સાધુનું કહેવુંરે, સર્વ કાને ધરને
સઉ સંતોનો ઉપદેશરે
કરજોડીને કહ્યું છુ.

ભજન ૫.

સખી પાકો તે પડછો આજથ‍ર લાગ્યોરે—એ રાગ.

ડતાં
લીધો સંત ગુરૂનો ઉપદેશ આતમા નં મ
કામ ક્રોધને મોહ મનથી મેલીરે,
લાગ્યો સતગુરૂનો ઉપદેશ, આનંદ રંગ રેલ્યે
સખી સતગુરૂની સાન, સમજી લીધીરે;
આપ્યો અમર મંત્ર એક, કુંચી દીધીરે.
સખી વજળ તણો કોટ ફરતો તુટયોરે

ારી નાંખ્યા ધુતારા લોક કાયાગઢ લુંટયોરે
થમ પેલાં કાર મારી કાઢયોરે
ોભ મોહ ને કામ નાંખે છે રાળોરે
ાંચ વિષય ચોર પકડી લીધારે
ં મારૂં ને અહંકાર તેને દંડ દીધારે;
ઢાર વરણુની માંય મલતું રહેવુંરે
ઈ કહે ખરૂં ખોટું સરવે સેવુંરે.
જન કરી ભુલ સરવે કાઢીરે,
પ્રંગ કબુધી નાર ચોરી કે ચાળીરે
ેનો ઉપદેશ કાલીદાસે લીધારે
કુવાની માંય ઝીલી લીધારે
પુરણ પ્રસીદ્ધ સર્વેને કહુંછુંરે
વેસળની માંહ હું તો રહુંછુંરે

ભજન ૬.

રાગ-કાફી.

ક દીન જાવુંરે નથી કોઇ આવનારૂં
યા ને મમતા ઠાલીરે એમાં કાંઈ
ી તારૂં—એ રાગ.

સાખી—અજ્ઞાનનું અંધારૂં
તેને જોને વિચારી મન;
આ આતમ ધન જતું રહેશે
જતું રહેશે તારૂં તન
વટમણાને મેલોરે
સંસાર સુખ નથી સારૂં, એકદીન૦

સાખી—પાંચ તત્વનું પુતલું બનાવ્યું,
ત્રણગુણનો આધાર;
ચાર અન્તઃકરણ ઉજલાં
એમાં આત્મા નિર્વિકાર,
પ્રવૃત્તિ વશ થઇનેરે,
ભુલી ગયો મુલ તારૂં એકદીન૦

સાખી—કર્તા કોણછે હું કોણછું,
કયાંથી આવ્યો ને કયાં જઇશ;
હરી ઓળખવાનું મુળ એહછે
જેને ગુરૂ વચન વિશ્વાસ
વચને રહેશે વળગીરે
નથી કોઇ ખારનાર એકદીન૦

સાખી—નિવૃત્તિનો નેહ કરો ગુરૂ કરીને ચેત
કાલીદાસને ઇશ્વર મળ્યા
એમ રાખો હરીશુ હેત
ખુમાન ખેલ સાચોરે
નિરાંત નામ તારનાર એકદીન૦

સર્વ શાસ્ત્રનો સાર.

રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ
રામ રામ રામ રામ રામ રામ રામ

છેવટ સુચના સવૈયો.

પુરાણકો પાર નહીં
વેદનકો અંત નહી
વાણી તો અપાર કહો
કહાં ચીત દીજીએ
લાખનકી એક કહું
કરોડકી એક કહું
સબહીમે સાર એક
રામ નામ લીજીએ.

પરનારી વીશે.

ઉપજાતી છંદ.

પરનારીની પ્રીત જે કોઇરે કરેછે,
અન્તે આવી બહુ તેનેતોરે નડેછે;
પરનારીમાં મગ્ન જે કોઇરે રહે છે,
ધન પોતાનુ સરવે તે તો રે ખુવેછે,
પરનારીમાં ચીત લાગુજ રહે છે,
કામ કરવું કશુ તેને નવ સુજે;
પરનારીનો જે કોઈ જ યાર,
અન્તે ખાવે ખાસડાંનોજ માર;
પરનારીની પ્રીતથી કશુ નવ સાર,
લોકમાં ખુવે પોતાનો ભાર;
પરનારીનો જે કોઇ કરે છેજ નેહ
અન્તે ખુવેછે પોતાનોજ દેહ
રાવણે કરયો સીતાથીજ નેહ
અન્તે ખોયો પોતાનોજ દેહ;
ચંદ્રમાયે કર્યો પરનારીસુ નેહ
ક્ષય રોગ થયો પોતાનેજ દેહ

દુર્યોધન દ્રોપદી સાથ મન બ્યાપ્યું
અઢાર ક્ષોણી સૈન્ય કુલ કૌરવનુ કાપ્યું
કીચયાકીચ સરીખા ભ્રાતજ ગળીયા
નારીને કાજે એક ચીતામાં બળીયા
જે કોઇ પરનારીના ફંદમાં પડીયો
કહે છગનલાલ બારમો રાહુજ નડીયો.

પ્રકરણ ૩

બોધ ઉપદેશ.

મહન્ત પુરૂષોના આશ્રયથી.

સંસારમાં સુખ કયું ? સંતોષ.
સંસારમાં સુખ કોને મળે ? સુકૃીત કરનાર
સંસારમાં બેડી કઇ ? સ્ત્રી.
સ્નાન કરવુ કેને કહેવું ? મનનો મેલ ધોવો તે
સંસારમાં જીવતે મુવો કોણ ? દરિદ્રી.
સંસારમાં તીર્થ રૂપ કોણ ? માને બાપ.
ને સ્ત્રીને પોતાનો પતી.

ગુરૂ કોણ ? હિતનો ઉપદેશ આપે તે.

સંસારમાં દુર્લભ કયું ? સંત સંગત.

સંસારને જીતી શકે એવું કોણ ? ગ્નાની

સંગત કેની કરવી ? માહાત્મ પુરૂષની.

નરક કયું ? આજ દેહ.

સ્વર્ગ કેને કહેવું ? તૃષ્ણાનો ત્યાગ કરવો તે

સંસારમાં નરકદ્વાર કયું? પરસ્ત્રી.

સંસારમાં શત્રુ કોણ ? ઇંદ્રિયો.

સંસારમાં વેર કોણ કરાવે? જર જમીન ને જોરૂ

સંસારમાં સુખી કોણ ? સંતોષી.

સંસારમાં મુકત કોણ ? વિષયનો ત્યાગી.

પુરૂષેના કરવું શું ? કરજ અથવા દેવું.

હાથ પગ વગરનું શું ? ઈન્સાફ.

સવારમાં ઉઠી શું કરવું ? દશ વિષ્નુ તથા ઈશ્વરની ભકતી.

સંસારમાં શુરો કોણ ? જેણે કામ વશ કર્યો.

સોબત ત્યાગ કેની કરવી ? કુસંગી માણસની

ખોટાં પરીણામ શાનાં મલે ? કુસંપ તથા નબળી સોબતથી.

જગત કોણ જીતી શકે? મન જીત્યું તે.
સંસારમાં ધંનવંત કોણ ? પરોપકારી.

સાધુ કેને કહેવો ? પ્રાણી માત્રને ઉપદેશ કરે તેને.

પ્રાણી મનુષને ચાર આંખો કઇ? વિદ્યા
મનુષમાં પશુ કોણ ? અભણ.

મુનુષ્યે સાપ, કેફ, જલ, ઢોર, ચોર, સ્ત્રી, અગ્ની અને ખુની માણસ એ આઠથી દુર રહેવું. એટલાંનો વિશ્વાસ કરવો નહીં.

બ્રાહ્મણ એ વૃક્ષ રુપ છે; તેનું મુલ સંધ્યા, શાખા વેદધર્મ અને કર્મ એ તેનાં પાદડાં છે, માટે બ્રાહ્મણે યથાકાલે અવસ્ય સંધ્યા કરવી. નહીં તો મુલનો નાશ થાય તો પછી શાખા ને પાંદડાંનું રક્ષણ કેમ થાય ?

આપણું ખોવાયું શું ? જુવાની રૂપિ રત્ન.

આહાર, નીદ્રા, ભય ને મૈથુન એ ચાર પશુ સમાન છે માટે માણુસે તેનો ત્યાગ કરવો.

મુર્ખ પુત્ર ઘણું જીવવા કરતાં મુવો સારો જાણુવો.

રાજાની સ્ત્રી; ગુરૂની સ્ત્રી, મિત્રની સ્ત્રી, પોતાની સ્ત્રીની મા-સાસુ, આપણી મા, એ પાંચ માતા સમાન ગણુવી.

અપમાન રહેવા રકતાં મરવું સારૂ.

જેની વિદ્યા પુસ્તકમાં છે તે નકામી જાણુવી.

મીત્ર કોણ? પાસમાં વિદ્યા મીત્ર, ઘરમાં સ્ત્રી મીત્ર, રોગીને ઔષધ મિત્ર ને મૃત્યુ સમે ધર્મ મીત્ર. આ ચાર મીત્ર ગુણુવાન જાણુવા.

માતા પિતા કોણુ? સત્ય, યથાર્થ ભાષણુ એ આપણી માતા સમાન; જ્ઞાન પરમાર્થ પીતા સમાન જાણુવા.

ભાઇ બેન કોણુ ? ધર્મ એજ ભાઇ અને દયા એજ બેન જાણુવાં.

શાંતીને સ્ત્રી સમાન જાણવી. ક્રોધ કદાપી કરવો નહીં.

ગુણ પુજાય છે તેવી સંપતી મોટી છતાં પુજાતી નથી.

મનુષ્યે ખાવા કેમ મળશે તેની ચીંતા ના કરતાં ઇશ્વરને રાજી કરનાર ધર્મ કેમ મળશે તેનોજ રાત દિન વિચાર કરવો.

હજામને ઘેર હજામત કરાવવાથી શ્રી એટલે લક્ષ્મિનો નાશ થાય છે.

કોઈ વસ્તુ નાશ પામે પણ તેનો શોક કરવો નહીં આગળ મળવાની વસ્તુનો વિચાર પણ ના કરવો. વખતે પ્રાપ્ત થાય તેથી સુખ ને સંતોષ માનવો.

ગોપકન્યા અને કૃષ્ણ ભગવાન તેમના ગુણ વાણી ગાવાને જેની જીભ આળસ કરે છે તથા ભગવાનની મનોહર કથા

સાંભળવામાં જેના કાન ચુકતા નથી એવા લોકને ધીકાર છે.

વસ્ત્રથી ગાળ્યા વગરનું પાણી પીવું એ ઘણું દોષનું કામ છે માટે તેમ ના કરતાં પાણી ગાળીને વાપરવું જોઇએ.

વિદ્યાના ઇછનારને પ્રથમ સુખ મલતું નથી ને પ્રથમ સુખ ઇછનારને વિદ્યાનું સુખ ક્યાંથી મળશે?

ભક્તી વિના ઇશ્વરની પ્રાપ્તી થવાની નથી માટે ઇશ્વિર ભજન નિરંતર કરવું.

પક્ષી જાતમાં કાગડો ને પશુઓમાં કુકડો અને મનુષ્યમાં નિંદા કરનાર ચંડાળ જાણવો.

જે માતા પિતા પોતાના પુત્રને વિદ્યા અભ્યાસ કરાવતાં નથી તે માતા પિતા દુસ્મન તથા વૈરી જાણવાં.

પ્રકરણ ૪

કન્યા વિક્રય બોધ.

રાગ ચોપાઇ.

પ્રથમ શારદા નમું શીશ,
આરાધું ઉમીયાપતિ ઇશ,
આંકોલમાત કરૂ વિનંતી આજ,
અંબાજી કરો બુધી પ્રકાશ

દોહરા.

મુગલાંની માતને અરજ કરૂં
ને કરૂં વિનંતિ આજ,
તુજ કૃપાથી વર્ણુવું
કન્યા વિક્રય મહા પાપ.
કન્યાના વિક્રય થકી
મહા પાતકી થાય
શાસ્ત્રને વિશે લખ્યા
આઠ પ્રકાર વિવાહ

કન્યાનો પૈસો લઇને
દે છે કન્યાદાન
અસુર વિવાહ તો કહે
કન્યાનુ વેચાણુ
સઉ જન નિર્ધન થયા
ઉધમ વિણુ આ કાલ
કન્યા વિક્રયનો તેથી પડયો નઠારો ચાલ
કન્યા વિક્રયને વિષે,
સમજવાનો સાર
આપ શાની વાંચીને
જુવો પુરાણુ અઢાર.

ચોપઇ.

જેમ વછેરી ઉછેરીને વેચનાર
તેમ પુત્રીનો તો કરે વેપાર
પાપી પીતા પુત્રી તણો
નાનપણમાં લાડ લડાવે ઘણાં
પછી મોટી થાયે કે કરે વિચાર

આપે પરણુાવો હવે તતકાળ
જો કાઇ આપે ઝાઝાં દામ
એટલે થાયે પોતાનાં કામ
ભલે અભણુ અકરમી હોય
પૈસા લઇ પરણાવે તોય
હોય દુરાચારી વૃદ્ધ કે બળા
પૈસા લઈ પરણાવે તોય તત્કાલ
ગુણુવાલી ભલી ભણેલી હોય
મર્કટ કોટે મણી બાંધે તોય
એંશી વરસના વરજ હોય
પૈસા લઈ પરણાવે તોય
એંશી વરસના વરજ થશે.
કહો હેવાતન કેટલું હશે.
નાંખી કુપમાં કરે કરમની વાત
વાંક ના જુવે પોતાનો તાત.
પૈસા મલે કે પામે સંતોષ
વર કન્યા મરે દે કર્મને દોષ

અયોગ્ય લગન કરે કન્યાનાં માબાપ
સાચાં શત્રુ કે પુર્વનાં પાપ

દોહરા

મા તાતના કુલ તણી.
લેશ ના રાખે લાજ.
ભય પ્રભુનો તજી કરે,
કન્યા વિક્રય કાજ.
દીકરી ઉપર નહી દયા.
એવા ધન લેનાર,
જરને કાજે જમાઇનાં.
વેચાવે ઘરબાર
કન્યા વિક્રયથી જુવો,
હરકત બહુ હોય.
કહે છગનલાલને માટે,
કન્યા વિક્રય કરશો નહી કોઇ.

ઉપજાતી છંદ

પુત્રીનો પૈસો જે કોઇજ લે છે
અન્ન વિના ઝુરીને તેતો મરે છે.

મ્હાદેવનો ભાગ જે કોઇજ ખાયે
નક્કી જડામુલ તેનીજ જાયે
દારૂમાં આગ જરા જો પડે છે
આકાશ જઇને તરત અડે છે
કન્યાવિક્રય મહા પાપજ થાયે
તેથી કરી ધન બધું લુટાયે
કન્યાનો પૈસો લઇ મગ્ન રહે છે
અંતે જઇ જરૂર નરકે પડે છે
કન્યા વિક્રયનો પૈસો લગાર લે છે
સંપત્તી સર્વે ઘરની ટળે છે.
સર્વ જણ સાંભળી કંઇક કરો સુધારો
પડયો છે આ ચાલ બહુ નઠારો
કહે છગનલાલ લોકથી રહો જરા લાજી
તો થાશે વિશ્વંભર આપ ઉપર રાજી

ચોપાઇ

ને શાસ્ત્રમાં કહ્યું છે સાફ
કન્યાવિક્રયથી થાયે મહા પાપ

મનુસ્મૃતીના ત્રીજા અધ્યાયમાં કહેલું છે કેઃ—

"કન્યાનો પિતા જે શાસ્ત્રજ્ઞ હોય છે અને જાણે છે કે કન્યાદાનના નિમી-તે લેવાતા ધનમાં મહાપાતક સમાયેલું છે તે તો તલપુર ધન લેતો નથી એટલુજ નહીં પણ તે સમયને વર્તીને જે કાંઇ બક્ષિસ પણ હેને આવતી હોય છે તેનો પણ સ્વિકાર કરતો નથીજ. કારણ કે તે જાણેછે કે કોઇ પ્રકારે જે માણસ કન્યા વિક્રયના ધનનો સ્વીકાર કરે છે તેણે પોતાના સંતાનને વેચ્યા જેવું ગણાય છે, અર્થાત તેવા માણસને કન્યાવિક્રયનો દોષ લાગેછે"

"પીતા માતા તથા ભાઇ ભાડું વિગેરે જે કોઇ પોતાની દીકરી તથા બેનના ધનનો અથવા રથ, ગજ, અન, પાણી, વસ્ત્ર વિગેરેનો સ્વીકાર કરે છે તે માણસ માહા પાતકી ગણાય છે ને મરણ પછી નરકમાં જાય છે"

"કોશનું પાણી પીવું, પ્રેત ભોજન કરવું, અને શુક્રનું અગીયારમું ને બારમું ખાવું તે માંસ ખાવા બરોબર છે અને કન્યાવિક્રયનો પૈસો લઇને અન ખાવુ તે પણ માંસ ખાવા બરોબર છે માટે જે કોઇ માણસ કન્યાવિક્રય કરે છે ને જે માણસ તેનું અન જમે છે તેણે માંસ ખાધું જાણવું. તે વિષે એક દ્રષ્ટાંતઃ—

દોહરો.

વળી સભાજન સાંભળો
સર્વે ધરજો કાન
મહા પુરૂષના મુખ થકી
સાંભળ્યું છે આખ્યાન.
વણિક કો કૃતયુગ વિષે
રહેતો તો કોઈ સ્થાન
પૈસા પાસે બહુ હતા
લોકમાં બારે માન.
તેમને ફરજન કંઇ નહી
તેથી વિચાર્યું મન

સર્વે નગર માંહેથી
બોલાવો બ્રાહ્મણ.
સભા સર્વે ત્યાં ભરાઇ
પુછયો પ્રશ્ન આપ
આનો ઉત્તર આપ કરો
કસુર કરી માફ.

ચોપાઇ

સર્વે સાંભળો ચતુર સુજાણ
સર્વે ધરજો આપે કાન;
હમ પેટ ફરજન નહી કંઇ
તેથી ખોટું જીવતું જગ માંહી.
પુત્ર વિના વાંઝીયું સઉ કોઇ કહે
તેથી ખોટુ મનમાં લહે;
માટે પુત્રની પ્રાપ્તી છે કે નહીં
તેનો ઉત્તર આપોને અહીં;
પુત્ર વિના જીવતું છે વૃથા
નહીં તો પ્રભુ આપોને મૃત

છપ્પો.

પુત્ર વિના અવતાર સરામણું કોણુ સારે
પુત્ર વિના અવતાર લોક મહેણાં સઉ મારે.
પુત્ર વિના અવતાર થાવું પડે પારકું ઓશીયાળુ
*પુત્ર વિના અવતાર લક્ષમી પારકો ખાયે
પુત્ર વિના અવતાર લક્ષ્મી બધી લુટાયે.
પુત્ર વિના અવતાર ધન હોય નવ પાસે.
કહેછે છગનલાલ પાણી પાવા કોઇઆવે ન પાસે
પુત્ર વિના અવતાર શોભે નહી મંદીર માલીયાં
પુત્ર વિના અવતાર ખોટાં જરૂખાં જાળીયાં
પુત્ર વિના અવતાર વાંઝીયું સર્વે કોઇ કહેછે
પુત્ર વિના અવતાર પીતરાઇ મનમાં હસે છે
પુત્ર વિના અવતાર ઇશ્વર સહાય સર્વને થજ્ને
કહેછે છગનલાલ વેરીને પણ પુત્ર હજ્ને.

ચોપાઇ.

ત્યારે બ્રાહ્મણ બોલ્યા એમ
કરો શેઠજી હમે કહીયે તેમ.

રાખો ઈશ્વર ઉપર આપજ નેક
તો રાખશે પ્રભુ આપનો ટેક.

હમો કહીયે તેમ આપજ કરો
નહીં તો ખાલી મમતા નવ કરો.

ત્યારે શેઠજી બોલ્યા એમ
તમો કહો તેમ કરશું નહીં કેમ?

ત્યારે બ્રાહ્મણ કહે હમો કહીએ કથી
ને આપને ધન ખરચવાનું નથી.

કહો પુત્રની હમને થશે આશ
ત્યારે ખાવા માંસના પાંચજ ગ્રાસ.

શેઠ કહે વંશ જાય તો બહેતર થકી
પણ માંસના ગ્રાસ હું ખાવાનો નથી.

ત્યારે બ્રાહ્મણ બોલ્યા છે એમ
હમો કહીયે તેમ કરશો કે કેમ?

શેઠ કહે તમે રસ્તો બતાવો એક
તેથી જરૂર હમો રાખીશું ટેક.

દોહરો

ત્યારે બ્રાહ્મણ કહે સુણો શેઠજી
હમો બતાવીયે બાદ
જે કન્યાવિક્રય તો કરે
તે ખાયે માંસના ગ્રાસ.
માટે આપને પુત્રની
જો થાયે કદાપી આશ,
તો કન્યાવિક્રય અનના
ખાવા પાંચજ ગ્રાસ.

ચોપાઇ.

એટલે આપનું વ્રત પરીપુરણ થશે
ને રાખી ટેક સહુ છુટી જશે,
હમો કહીએ તે આપ વ્રત્તજ કરો
ને પ્રભુ સંકટ સૌ આપનાં હરો.
ને તુરત શેઠજીયે વ્રતનો રાખ્યો નેક
ત્યારે ઇશ્વરે રાખ્યો છેજ ટેક.

શેઠજીની સ્ત્રીને ગર્ભજ રહ્યો
દશ માસે પુત્રનો જનમજ થયો.
શહેરમાં થયો ત્યારે જય જયકાર
લોક સહુને મન ઉમંગ ના માય.
શહેર બધામાં સાકર વહેંચાવી બહુ
દક્ષણા આપી બ્રાહ્મણ બોલાવી સૌ.
પછી થયા છે પુત્રને બેજ માસ
ત્યારે શેઠ કહે હવે વૃતના ખાવા ગ્રાસ.
માટે જેની પાસે કન્યા વિક્રયનું છે ધન
તેનું ખાવું આપણેજ અન.

દોહરો.

તેજ નગ્ર વિષે એક બ્રાહ્મણે
લીધું તું કન્યાવિક્રયનું ધન
તેને ઘેર જઈ શેઠજીયે
ખાધું પોતે અન
એ અનના પ્રભા થકી
થયું વૃત પરીપુરણ આપ

માટે કન્યા વિક્રયનો
મહા પુરણ છે પાપ
ગુરૂ કૃપા ગુણ શારદા
પ્રતાપીક પુરણ પંથ
અલ્પ બુદ્ધીથી રચીગો
કન્યાવિક્રય ગ્રંથ
શુભ ભાવણુ જે શોધશે
પરહરશે તે પાપ
તજશે કન્યાવિક્રયને
ઇશ્વર ભજશે આપ
પાપીને પીંજર પડે
હરી જનને હીરલો આપ
કન્યાવિક્રય ગ્રંથ સત વાતનો
ધારે ધર્મવંતા ધીર
સતવાદીયાને સોનું જડે
કર્મહીણને કથીર
ધર્મ અર્થ કર્મ મોક્ષ છે
વખાણ વિદ્યાનાં રંગ

નીચ બુધી નરકે જશે
ને સાચાને તો રંગ
ગંગા નાં'યા ને ગોમતી
કાશી ને કેદાર
પણ કન્યાવિક્રય જે કરે
ધીક ધીક તેનો અવતાર.
પીંગલ પાઠ ભણ્યો નથી
નથી બુધી કંઇ આપ
માટે મીત્રો માહરા
ભુલ ચુક કરેશો માપ.
સંવત ઓગણી ચોસેઠમાં
શુકલપક્ષ છે વૈસાખમાસ
મૃગશીર નક્ષત્રનેં ચતુરદશી
પુરણ ગ્રંથ પ્રકાશ.
સંખેડા તાલુકે ગુર્જર ધરા
રૂડું ભાટપુર છે આ નામ
તેમાં હું વીપ્ર વસું
શંકરનો ઉપદેશીજ આપ

જાંબુ બ્રાહ્મણ આપણુ
ભાટપુર ગામમાં વાસ
પિતા ઇશ્વર તણો સુત
કહે જોશી છગનલાલ.
કવિતું ડહાપણ કંઈ નહી
ડહાપણ દેનારો દેવ
સુર સનકાદિક ભાવે ભણે
ને શીવશંભુની સેવ.
મુગલાંની માતને અરજ કરૂં
ને કરૂં વિનંતી આપ
તુજ કૃપાથી અર્પણ કરૂં
કન્યાવિક્રય ગ્રંથજ આપ.
શ્રોતા વક્તા સાંભલો
અજ્ઞાનને। કરશો નાશ
છગનલાલ કહે બોલો સહુ
જય જય આંકોલ માત.

પ્રકરણ ૫

તુલાશંકર ને મણીની
એક રમુજી વાર્તા

તુલાશંકર કરીને એક બ્રાહ્મણ હતો તે એક દીવસે એક સ્થલે ઘણા આનંદથી બાંક ઉપર બેસીને એક સંસારીક નવલ કથાની ચોપડી ઘણા આનંદથી વાંચતા હતા તેવામાં તેમની સ્ત્રી મણી આવ્યાં અને તુલાશંકરની સન્મુખ આવીને ઉભાં રહ્યાં એવામાં તુલાશંકર વાંચતાં વાંચતાં મણી સામું જોઇ પુછવા લાગ્યા

તુલા. કેમ વ્હાલા! પ્રીયા આજે આપના ગુલાબી મુખનો ચ્હેરો જેમ પાણીમાં કમલ હોવા છતાં પાણીથી નખુદ પડે છે ને કરમાવા લાગે છે તેમ આજે આપના ગુલાબી મુખનો ચેરો!

ઘણો ઉદાસ છે વારૂ ! મણી—એકદમ ઘણા ક્રોધથી ઉત્તર આપવા લાગી. ' શું ઉદાસી છે? આપને તો હમારા તરફની બીલકુલ ચીંતા નથી. જુવોને પરમ દીવસે પેલા ડુંગરચંદને ત્યાં તેમની પુત્રીનું લગ્ન છે માટે તેમની વહુ જેકોરબા આપણી પડોશમાં મારી બેનપણી લલીતાને આમંત્રણ કરવા સારૂ આવ્યાં હતાં તેમને કહીને ઘેર જતી વખતે મને પણ ઘણો આગ્રહ કરીને તેમને ત્યાં જવાનું કહી ગયાં છે. અત્યારે તેમને ત્યાં જવું છે પણ હું તે ત્યાં શું લઇને જઉં વારૂ ! ત્યાં મોટા ઘરની શેઠાણીયો ઘણીએક દાગીના ઘાલીને તથા કપડાં લુગડાં સારાં સારાં પ્હેરીને આવશે મારે પણ મ્હોટા શેઠીયાને ત્યાં લગ્ન સમારંભમાં જવું તે શરીર ઉપર બે દાગીનાએ જોઇયે કે નહીં! આપ કરાવી આપો તો નહીં પણ એકાદ દાગીનો માગી લાવીને આપવો કે નહીં?' તુલા—

'વ્હાલી પ્રીયા આપણાથી તે કેમ પારકા ઘ-રની રકમ માગીને લવાય ને પારકી જ્ઞાતીમાં પ્હેરીને જવાય વારૂ?' મણી—'હા, હા, એ વાત તો બધી ખરી. શહેરમાં હમણાં લેવા. જવું પડે માટે મને આડું અવળું સમ-જાવીને વિદાય કરોને; પણ હું કયાં સમજું એવી છું. જુવો તો મારે મ્હોટા શેઠને ત્યાં લગ્ન સરખા પ્રસંગે જવું ને ત્યાં મ્હોટા ઘરની શેઠાણીએ ઘણા ઠાઠમાઠથી બની ઠનીને આવી હોય ને હું ભુતડી જેવી એવું લુગડું પ્હેરીને જઇશ તે ઠીક કે? એમાં તમારૂં સારૂં કહેવાશે વારૂ? આજના દીવસ સારૂ ચાર દાગીના કોઇની પાસે માગીને લાવીએ તેમાં શું? આપણે કયાં રોજ માગવા જવું છે?' તુલા.—'વ્હાલી પ્રીયા એ બધી વાત ખરી છે. લ્યો હું તો માગીને લાવીશ. આનું ઘડામણ શું? કોઇ ત્રીજું પુછશે કે એનો ઘડનાર

સોની કોણ ? ને ઝવેરીનું નામ પુછશે ત્યારે આપ તે વખતે શો જવાબ આપશો વારૂ !' મણી—'હા, હા, એ વાત તો બધી ખરી છે પણ અસલની સ્થીતીમાં હોય એમ કહેવામાં કાંઇ હરકત નહીં.' તુલા.—'સો ત્યારે આનું નામ ઢોંગ કે બીજું કાંઇ ? હા વખતસર આપ અસલ સ્થીતીમાં જણાવો એ વાત બધી ખરી છે પણ વખતસર ત્યાં સ્ત્રી મંડળમાં અપણાં સગાં કે આપણા ભાઇબંધની સ્ત્રી કોઈ આવી હોય અથવા કોઇ આપણી સ્થીતી જાણનાર આવ્યું હોય ને કદાપી તે જાણે ને સઘળી વાત જાહેર કરે તો શું આપણે નીચું જોવા જેવું નહી ?' મણી—'આપ તો મને ઘણું સમજાવીને રાજી કરો પણ હું રાજી કયાં થઉં એવી છું. દાગીનો પહેર્યા વગર આજ છોડવાની નથી.' તુલા.—'હા, એ બધીએ વાત ખરી છે પણ લો હું માગીને

ગાવી આપીશ ને આપ ત્યાં પહેરીને જાશો ને કદાપી કંઇ કરમના અંતરાયે કરીને માંહેથી એકાદ રકમ ખોવાઈ ગઈ ત્યારે શું કરવું સારૂ ? ત્યારે સર્વે ગ્નાતીમાં જાણ પડે કે નહીં? ત્યારે ન પહેરીએ તો કેવું સારૂ ? તેમાં આપણી ઇજત કેવી સારી રહે ? શું આપણી પાસે કંઇ નથી તે ગ્નાતીમાં જાણ નથી ! સઉ જાણે છે. માટે આવો નકામો નાગો ઢોંગ કરીને ફરવું શા કામનું? સર્વ કહે કે હો પેલા તુલાશંકરની વહુ માગી પારકા દાગીના ઘાલીને ઘણા ઠાઠમાઠથી ફરતાં હતાં તે તેમાંથી એકાદ રકમ ખોવાઇ ગઇ. પારકી રકમ હોય પચાસની ને ખોવાઈ એટલે માલ ધણી કહેશે કે મારી રકમ સોની છે તો સો આપવા પડે. ને આપ્યા વગર આપણે કેમ ચાલે? ત્યારે ઘરેણાં ન પહેરીએ તો શું થાય ? કોઈ નાતમાંથી ઉઠાડી મુકે છે !

પારકી રકમ માગીને લાવ્યાં છે તે આખ
ગ્નાતિ જાણે છે માટે પારકી રકમથી નાગે
ઢોંગ કરવો એ શા કામનો?' વાચનાર જે મા
ણસ પારકાં કપડાં તથા પારકા પૈસાથી ફરે
છે ને નાતમાં ઘણા ઠાઠમાઠ કરીને રો
મારે છે તે નાતમાં પોતાની છત દેખાડે '
પણ કંઇ નાત દેખતી નથી એમ નહિ. સ
જાણે છે. માટે જે માણસ એવો નકામે
નાગો ઢોંગ કરીને ફરે છે તેવા પુરૂષ અગ
ઓને ઘણી વાર ધીક્કાર છે. શું નાતો
પહેરીને ફર્યા ને આપણે ઘેર ખરચ આવ્યાં
ને આપણાથી થયો નહી' તો એ સર્વે જણ
ખાશીને તથા બડા થઇને ફરવું એ ધીક
જેવું છે. વાંચનાર હવે મણીની શી હકીક
બની તે સાંભળો. મણી-' હા, એ વાત બધ
એ ખરી છે પણ મારે બાપે પરણા
ને સાસરે આવી છું ત્યારથી હું કોઇ દા

સુખ પામી નથી. આથી હું મરી ગઇ હોત તો સારૂં માટે આપ ચ્હાય તેમ કરીને મને દાગીનો બે દીવસમાં કરાવી આપો નહીં તો હું ચ્હાય તેમ કરી મારા પ્રાણનો ત્યાગ કરીશ!' તુલા-'વ્હાલી પ્રીયા તું સમજુ થઇ આમ શું બોલે છે! આપ જાણો છો કે વસુ વિના નર પશુ સમાનજ છે. આપ જાણો છો કે હમણાં મારી પાસે પૈસાનો બીલકુલ સવડ નથી. તેથી હું ઘણો લાચાર છું' મણી-શું લાચાર છો? આપ પાસે પૈસા ના હોય તો ચપનીયુ લઇને જાવ ગામમાં ભીખ માગો. આમ શું બાયલાની પેઠે બેસી રહ્યા છો? હજુ તમને કયાં કોઇ પૈસા ધીરે એમ નથી! લઇ આવો તો ખરા. લેવા આવશે ત્યારે સઉ થશે.' તુલા-' વ્હાલી પ્રીયા, હા, એ બધી એ વાત ખરી છે પણ એમ તે કેમ બને યાર? કોઇને ત્યાંથી લાવ્યા તેને આપ્યા [illegible] ચાલે કે?' મણી-'હા હા; ન ચાલે

વારૂ, આપ સુખેથી રહો ને હું તો મારે પીયર જઇશ.' તુલા—(મનમાં) 'વળી આ રાંડ પીયરમાં જઇને મારી પુરી ફજેતી લુંટાવશે. ને વળી રાંડ, ગાંડ ને બકરીયાં, એ જ્યારે વકરીયાં ત્યારે કરવું શું ? સ્ત્રી હઠ છે. એ કદાપી પુરૂષના પ્રાણ લે પણ જે હઠ લીધી તે કદાપી છોડનાર નથી!' આવો વીચાર કરી તુલાશંકર મણીને સમજાવીને શાંતિથી કહેવા લાગ્યા કે 'બોલો હવે કેટલા રૂપિઆના દાગીના કરાવી લાવું વારૂ?' મણી–'લો હું તમને કયારની કહું છું કે બે હજારના દાગીના લીધા વગર છોડવાની નથી.' વાંચનાર આ મણીના પીયરીયાં પણ ગરીબ સ્થીતીનાં માણસ હતાં તેથી બરોબર કેળવા-યલી નહોતી ને વળી સાસરામાં પણ સાસુ સાસરો મરણ પામ્યાં તેથી તુલાશંકર બીચારો ઘણો ગરીબ ને સમજુ માણસ હતો પણ મણી-ને કંઇ સુખેથી કહેતા નહોતા; મણી જેમ

કહે તેમ કરવું પડતું. આગળ શી હકીકત બને છે તે સાંભળો. તુલાશંકર ત્યાંથી ચાલી નીકળ્યા ને નેમચંદ શેઠને ત્યાં ગયા. ત્યારે શેઠજી જમી પરવારીને દુકાને બેઠેલા હતા. તુલાશંકરે નેમચંદ શેઠને સર્વે હકીકત કહી બતલાવી ત્યારે નેમચંદ કહે ' તુલાશંકર રૂપીઆની મારે ના નથી, પણ વ્યાજ એક ટકો થશે.' તુલા– ' શેઠ તેતો જે રીવાજ ચાલે છે તે મુજબ અમે પણ આપીશું તેની કંઇ ફીકર રાખશો નહીં.' નેમચંદ–'લો ભલે ત્યારે લઇ જાવ.' નેમચંદે તુરત રૂપિઆ ગણી આપ્યા. તે લઈ તુલાશંકર ઘેર આવ્યા ને બીજે દીવસે પ્રાત: કાલ થયો કે તુલાશંકર ચા પાની કરીને ગરબડ સોનીને ત્યાં ગયા. ગરબડ સોની કહે 'આવો તુલાશંકર મ્હારાજ આપનું કેમ, આજે બહુ દીવસે આવવું થયું વારૂ?' તુલા.–'ભાઈ કામ પડે ત્યારે સૌ આવે. અમથું કોઇ આવે એમ છે નહીં. ભાઇ અમારે પાંચ દાગીના ઘડાવવાના

છે તે આપનાથી બનશે કે કેમ ? ગરબડ—'હા, હા મ્હેરબાન; એમાં શું એ તો હું જરૂર પાંચ દીવસમાં કરી આપીશ.'

તુલાશંકર દાગીના સર્વ તોલ કરીને ઘેર આવ્યા તેમ કરતાં કરતાં પાંચ દીવસ વીતી ગયા ને ગરબડ સોનીયે દાગીના પાંચ દીવસમાં તૈયાર કરી આપ્યા ને પાંચમે દીવસે તુલાશંકર જઇને તોલી લાવીને મણીને આપ્યા ને આ દાગીના સુંદર જોઇ મણી ઘણી હરખાઇને ઘણો આનંદ પામી. મણી બીજે દીવસ સવારમાં પ્રાતઃકાલ થયો કે તુરત ઉઠીને દાતણ પાણી કરી નાહી ધોઇને સર્વે દાગીના ઘાલીને પાણી ભરવા ગયાં ત્યાં સરવે સ્ત્રી મંડલનું ટોળું મળીને ચર્ચા કરવા લાગ્યું. કોઇએ પુછ્યું 'બેન મણી આ દાગીના કયારે કરાવ્યા વારૂ?' મણી—' બેન દીવાલી, શું કરીયે મારી પાસે દાગીના ન્હોતા તે હમણાં કરાવ્યા.' દીવાલી—' બેન શું કરીયે તમને તો કરાવ્યા ને અમે

તો કહીયે કે તુરત મારે કે ગાળો ભાંડે.' મણી–' શું કરીયે મેં હમણાં ઘણી હઠ લીધી ત્યારે કરાવી આપ્યા.' નર્મદા–' બેન તમે તો હઠ લીધી ને હમારાથી તો સામું બોલાયે નહીં. પણ બેન આપના પતી તો સારા સ્વભાના છે.'

એમ વાતચીત કરતાં પાસેના મહેલામાં વેરાઇ ગયાં. વાંચનાર, આ સર્વે તો એકજ સંગીત મંડલ છે. પછવાડે બીજા સ્ત્રી મંડળમાં ચકડોળે ચડેલી વાત ધ્યાનથી સાંભળો. 'અરે, બેન સવીતા આપણે પેલા તુલાશંકરની વહુ મણીએ હમણાં બીચારાને બહુ દુઃખ દઇને માથે બે હજારનું કરજ કરાવીને દાગીના કરાવ્યા.' ગવરી–' બેન દેવું કરીને દાગીના કરાવ્યા ;પણ ક્યાં મણીને પૈસા કમાઇને આપવા છે? અંતે બીચારા તુલાશંકરની કેડો ભાર ભેકની ?' દુરગા–' બેન ગવરી એ વાત તો આપની કહેવી બધી ખરી છે. તુલાશં-

કરની કેડે ભાર તો છે પણ આપને જગતની કહેણી તો યાદ છે કે નહીં કે એક રામે લંકા લીધી તો સો રામ શું ન કરે? બેન બ્યાજમાં તો ઘણાનાં ઘર ભાગી ગયાં.'

સુધા—'બેન આપની વાત તો ખરી છે પણ તે એવી કુલટા સ્ત્રીને કયાં ખબર પડે છે?' રૂભા—'બેન હોય; જે માણસ ચડે છે તે કોઇનું માન રાખે છે? પણ એક ફેરો પછડાય ત્યારે બધોએ સમજણ આવે ને પછીથી પસ્તાય. ચંદ્રભાગા—'બેન પ્રથમથીજ આપણે સારાં આચરણથી ચાલીએ તો કંઈ હરકત પડે નહીં.' ગંગા—'બેન એ બધી આપની વાત કહેવી ખરી છે. આપ ખરૂં કહો છો પણ સમજુને કે અણસમજુને?' આમતેમ વાત ચીત કરતાં પાસેના મહેલ્લામાં વેરાઈ ગયાં. વાંચનાર, હવે આગળ શી હકીકત બને છે તે સાંભળો.

તુલાશંકર બીચારો એકલો હતો તેથી કંઈ પૈસાની પેદાશ થાય એમ નહોતી ને આગ

તેમ કરતાં વરસ બે વરસ વિતી ગયાં ને એક દીવસે તુલાશંકર મણીને કહેવા લાગ્યો 'લો, હવે આપ દાગોના તો પહેરીને ફરો છો પણ હવે શેઠના પૈસાનો શો જવાબ દઇશું વારૂ?' મણી—'લો તેમાં મને શું પુછો છો? શેઠ તમારી પાસે પૈસા લેવા આવશે કે મારી પાસે?' તુલા—'આવશે તો મારી પાસે પણ હમણાં પૈસાનો બીલકુલ સવડ નથી.' વાંચનાર, બેઉ આમતેમ વાતચીત કરે છે તેવામાં નેમચંદ શેઠ ત્યાં આવીને ઉભા રહ્યા ને કહેવા લાગ્યા-'કેમ તુલાશંકર હવે પૈસાની સવડ બને એમ છે કે નહી?'

તુલા—'મ્હેરબાન હમણાં મારી પાસે પૈસાનો બીલકુલ સવડ નથી. બેચાર દીવસ પછી આપીશ.' નેમચંદ શેઠ ત્યાંથી 'સારૂ' કહીને વીદાય થયા ને પછીથી બેચાર માસ વીતી ગયા કે પાછા આવ્યા. 'કેમ તુલાશંકર હવે તો પૈસા જોઇશે.' તુલા.-'બાઇ હમણાં

મારી પાસે પૈસા બની શકે તેમ નથી' નેમચંદ–'અલ્યા ફતુરચંદ ચાલો. આ તો દીવાની કર્યા વગર પતે એમ નથી.' નેમચંદ એમ કહીને ઘેર આવ્યા ને તુરત બીજે દીવસે દીવાની કરીને જપતી લાવીને તુલાશંકરનું ઘર જપ્ત કરી લીધું. તુલાશંકરને વિચાર થવા લાગ્યો કે હવે મારી પાસે ઘરબાર વિગેરે કંઇ પણ રહ્યું નહીં માટે હવે મારે જગતમાં શું મોંહ દેખાડવું? એવો વિચાર કરી છાનામાના ત્યાંથી નીકળીને ભાગોળે જઇ તુરત આપઘાત કરીને તુલાશંકરે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. વાંચનાર. આ તુલાશંકરનું ઘર આગળ ઘણું પ્રંતદાર હતું પણ મણીએ તુલાશંકરની પાસે પૈસાનો ખરચ બહુ કરાવ્યો ને અંતે દેવું બહુ થયું તેથી બીચારા તુલાશંકરે પ્રાણ ખોયા ને પછી મણી વ્યભિચારીણી બની. વાંચનાર, આવી મણી સરખી અકલમંદ કુલટા સ્ત્રાને ઘણી વાર ધીક્કાર છે. જે પુરૂષને સ્ત્રી પોતાનો

પતી બનાવે છે ને પોતે તેની સ્ત્રી બને છે તેવા પુરૂષને પણ ધીક્કાર છે. પૈસો પાસે ના હોય ને દેવું કરીને જણુસ કરાવે અથવા વરો કરે એવા પુરૂષને પણ ધીક્કાર છે. વાંચનાર, કાયદો સુગટે તથા ખરડે માબાપે નાતમાંથી કોઇ ઉડાડી મુકે છે? વારૂ, ના, ના, એ તો આપનીજ ભુલ છે. જે માણસ દેવું વિગેરે કરતો નથી કે બીજા કુમાર્ગે ચાલતો નથી તે પુરૂષ અંતે ઘણું સુખ ભોગવે છે ને જે માણસ વગર વિચાર્યું કામ કરે છે તે અંતે ઘણું દુખ ભોગવે છે.

સ્તુતિ.

જય જય અંબે મહાકાલી મા,
ચરણે તરે આજ (૨)
આરતી કરીયે ને ગુણ તારા ગાઇયે
અજ્ઞાની બાલક આપના છીએ—જય જય૦
શરણે છીએ ભગવતી તારી
સરલ કરો મુજ કાજ
માઝ્ સંકટ સર્વ હરોને
અજ્ઞાનનો નાશ આપે કરોને
તુજ કૃપાથી ગ્રંથ રચ્યો
પુર્ણ કરો પ્રકાશ   જય જય૦

વિનંતી.

પ્રિય વાંચકો, આ ચોપડીમાં કંઇ ભુલ ચુક હોય તો સુધારીને વાંચજો. હું કંઇ પિંગલ ભણ્યો નથી. ગુજરાતી ભાષાનો અ-

બ્યાસ પણ થોડા કરેલો છે ને વળી બોબડો પણ છું માટે કંઇ ભુલ હોય તો હું માફી માગું છું.

લી. આપનો સેવક,
ગોર છગનલાલ ઇશ્વરલાલ જાંબુ.
મુ. ભાટપુર તા. સંખેડા બહાદરપુર

પ્રિય મીત્ર તાપીશંકર ગણપતરામ
મુ. નંદેરીયા

પા. વરધભાઇ ગોકલભાઇ
મુ. ભાટપુર.

મારતર ચતુરભાઇ લલુભાઇ
મુ. ભાદરણ.

એટલાં નામ હું અમ્મર તરીકે પ્રસિદ્ધ કરૂં છું.

જાહેર ખબર

ચંદ્રહાસ અને કમળાની

(તૈયાર થાય છે.) કીંમત રૂ. ૧-

જ્ઞાન ચીન્તામણી.

(તૈયાર થાય છે.) કીંમત રૂ. ૦-૪-૦

શીરનામું.

ગોર છગનલાલ ઇશ્વર જાંબુ.

મુ. ભાટપુર—તા. સંખેડા.

ગ્રાહકનાં નામ.

રા. રા. ઠાકર મોતીરામ સંકરલાલ મુ. મોત્રરોજ

રા. રા. જોશી જમેતરામ સીતરામ મુ. સલાડ

રા. રા. જોશી ભગવાન ગણપતરામ મુ. સલાડ

રા. રા. જોશી કાસીરામ જીવરામ મુ. છતરાલ

રા. રા. પુરાણી દલપતરામ મુ. કોરલ

રા. રા. જોશી રેવાશંકર લક્ષ્મીરામ મુ. માલપુર

.ી પ્રલાદ મુ. મે

. દરભાઇ ઉકા મુ. મે

ા. લલુભાઈ મુ. મે

માસ્તર અંબાલાલ મુ. :

.. રા. જોશી બાલાસંકર કાસીરામ :

રા. રા. ખવાસ ખોડા નાનજી મુ. વડી

રા. રા. પા. દેસાઇભાઈ રાયજી મુ. ટાંબા

રા. રા. પા. વરધભાઈ બેચર મુ. ટીંબા

રા. રા. પા. ઘેલા ગણેશ મુ. ટીંબા

રા. રા. પા. ગોવીંદ નરોતમ મુ. ટીંબા

રા. રા. ગઢબડ દાદાભાઇ

રા. રા. પા. નાથા ભઇજી

રા. રા. જોશી હરજીવન સંતોકરામ મુ. ખુનના!

રા. રા. જોશી નાથાલાલ મુ. સલાડ

રા. રા. પા. જેશંગ માધવ મુ. ભાટપુર

રા. રા. પા. જીણા રઘજી મુ. ભાટપુર

રા. રા શા. લલુ જગવંનશેઠ મુ. ભાટપુર